Security Standing and Criminal Justice Committee Law Civil Rights Victims Immigration Sovereignty Reform Preemption

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. કાયદો અને ન્યાયને અનુમોદિત દૈનિક અખબાર

RNI NO. GUJGUJ/2015/63755
Title Code : GUJGUJ15949

GANDHINAGAR

# ક્રાઇમ & જસ્ટિસ

તંત્રી : જયંતિભાઈ પટેલ (મો) 81 41 81 81 43 | મેને. તંત્રી : ગૌરાંગ પંડ્યા (મો) 99099 69099 | સહતંત્રી : મુકેશ પ્રજાપતિ (મો) 97377 47770 | (દૈનિક)

● વર્ષ : ૪ ● અંક : ૩૪૩ ● તારીખ : ૧૫-૦૬-૨૦૧૯ ● શનિવાર ● પાના નં. ૪ ● કિંમત : ૦.૨૫/- પૈસા ● મોબાઈલ : 81418 18143 ● email : crimejusticedaily@gmail.com

## ડોક્ટરોની હડતાલનો રેલો બંગાળથી દિલ્હી, મહારાષ્ટ્ર સુધી પહોંચ્યો

### ૪૩ ડોક્ટરોએ રાજીનામાં આપ્યા : ડૉક્ટરો વિરુદ્ધ થતી હિંસા માટે કડક કાયદાની માંગ કરવામાં આવી

**(એજન્સી) નવીદિલ્હી**

પશ્ચિમ બંગાળથી શરૂ થયેલી જૂનિયર ડૉક્ટરોની હડતાલનો રેલો હવે મહારાષ્ટ્ર, દિલ્હી અને હૈદરાબાદ જેવા રાજ્યોમાં પણ પહોંચ્યો છે. પશ્ચિમ બંગાળના ડૉક્ટરોની હડતાલના સમર્થનમાં એઈમ્સે અખિલ ભારતીય વિરોધ દિવસની જાહેરાત કરી છે. દિલ્હી મેડિકલ એસોસિએશન સિવાય પટણા અને રાયપુર એઈમ્સના ડૉક્ટરો પણ હડતાલનું સમર્થન કરી રહ્યા છે. બંગાળના બે અલગ-અલગ હોસ્પિટલમાંથી કુલ ૪૩ ડૉક્ટરોએ રાજીનામાં આપી દીધા છે. નોર્થ બંગાળ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, દાર્જિલિંગના ૨૭ અને આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, કોલકાતાના ૧૬ ડૉક્ટરોએ રાજીનામાં આપી દીધા છે. ત્યાંજ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ફરીથી જણાવ્યું છે કે, તે બંગાળને ગુજરાત નહીં બનવા દે. ડૉક્ટરોએ સવારે રજિસ્ટ્રેશન પ્રક્રિયા બંધ કરી દીધી હતી જેને લીધે દૂરથી આવેલા દર્દીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બંગાળ સહિત દિલ્હી, મુંબઈ અને હૈદરાબાદ જેવા રાજ્યોના ડૉક્ટરો હડતાલ પર ઉતરી ગયા છે. દિલ્હી મેડિકલ એસોસિએશન (ડીએમએ)ના અધ્યક્ષ ડૉ. ગિરિશ ત્યાગીએ જણાવ્યું હતું કે, માત્ર ઈમરજન્સી સેવાઓ જ ચાલુ રહેશે. રાજ્યમાં ૧૮ હજારથી વધુ ડૉકટરો ડીએમએથી જોડાયેલા છે. ડૉકટરો વિરુદ્ધ થઈ રહેલી હિંસામાં સામેલ લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી માટે એક કાયદાની જરૂર છે, જેમાં ડૉકટરો પર થતી હિંસા માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવે. આવામાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને જણાવ્યું હતું કે, તેઓ સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રી સાથે આ મામલે ચર્ચા કરશે. આઈએમએએ ડૉકટરો પર થઈ રહેલા હુમલાને રોકવા માટે એક કડક સેન્ટ્રલ હોસ્પિટલ પ્રોટેક્શન એક્ટ બનાવવાની માંગ કરી છે. એઈમ્સ અને સફદરજંગ હોસ્પિટલના ઓપીડીમાં દરરોજ લગભગ ૧૦ હજાર દર્દીઓ સારવાર માટે આવે છે. બન્ને હોસ્પિટલમાં રેસિડેન્ટ ડૉકટરોએ રૂટિન સ્વાસ્થ્ય સેવાઓના બોયકોટની જાહેરાત કરી હતી. એઈમ્સના રેસિડેન્ટ ડૉકટર્સના નાયબ અધ્યક્ષ ડૉ. જવાહર સિંહે જણાવ્યું હતું કે, ડૉકટરોમાં ખૂબ જ આક્રોશ છે.

## મંત્રીઓ ૯.૩૦ વાગ્યે ઓફિસ પહોંચે, ઘરેથી કામ ના કરે : મોદી



**(એજન્સી) નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના પ્રત્યેક મંત્રીઓને આદેશ આપતા કહ્યું છે કે હવેથી તેઓ સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં ઓફીસ પહોંચી જવા જોઈએ. તેમજ કોઈ પણ મંત્રી ઘરેથી કામ નહીં કરી શકે જેથી અન્ય અધિકારીઓ માટે ઉદાહરણ પૂરુ પાડી શકાય. બુધવારે કેન્દ્રીય મંત્રીપરિષદની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વડાપ્રધાને કહ્યું કે ૪૦ દિવસના આ સંસદ સત્રમાં એક પણ મંત્રી વિદેશ પ્રવાસ પર નહીં જઈ શકે. વડાપ્રધાન મોદીએ પોતાનું ઉદાહરણ આપતા કહ્યું કે જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ પણ અધિકારીઓની સાથે-સાથે જ ઓફિસ પહોંચી જતા હતા. મંત્રીપરિષદની પહેલી બેઠકની આગેવાની ખુદ મોદીએ જ કરી હતી. તેમણે પોતાના મંત્રીઓને કહ્યું કે તેઓ નવા ચૂંટાયેલા સાંસદ સભ્યો સાથે પણ મુલાકાત કરે કારણ કે સાંસદ અને મંત્રીઓમાં કોઈ ખાસ ફરક નથી હોતો. તેમણે મંત્રીઓને પાંચ વર્ષ માટે એક એજન્ડા બનાવીને કામ શરૂ કરવા માટે સમજાવ્યું અને કહ્યું કે તેની અસર ૧૦૦ દિવસમાં જ દેખાવવી જોઈએ.

## ભાજપ મહારાષ્ટ્ર, હરિયાણા વિધાનસભા ચૂંટણી શાહની આગેવાનીમાં લડશે

**(એજન્સી) નવીદિલ્હી**

ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય ખાતે એક ઉચ્ચ મીટિંગ સમાપ્ત થઈ છે. હાલના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આગામી ચૂંટણીઓ અને નવા પ્રમુખ પદ માટે ચર્ચા થઈ છે. આધારભુત સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભાની ચૂંટણી શાહની આગેવાનીમાં જ લડશે. ભાજપના મહાસચિવ, સચિવ, પ્રદેશ પ્રમુખો અને અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતીમાં આ મીટિંગ યોજાઈ હતી જેમાં આગામી ચૂંટણી અંગે ચર્ચાઓ થઈ હતી અને પાર્ટીના નવા પ્રમુખની ચૂંટણીનું માળખું નક્કી કરવામાં આવ્યું હતું. ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ ભુપેન્દ્ર યાદવે કહ્યું હતું કે ભાજપનું સભ્યપદ અભિયાન સમાપ્ત થયા બાદ નવા પ્રમુખની પસંદગી કરવામાં આવશે. અમિત શાહ કેન્દ્રીય ગૃહ મંત્રી બન્યા ત્યારબાદ એવી પ્રબળ ચર્ચા હતી કે ભાજપ નવા પ્રમુખની પસંદગી કરશે. ભાજપની આંતરિક ચૂંટણી આ વર્ષના અંતમાં શરૂ થશે, જેનું સમાપન જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી દ્વારા થશે. ભાજપના બંધારણ મુજબ રાષ્ટ્રીય અધ્યક્ષ ત્રણ વર્ષની બે ટર્મ સુધી પ્રમુખ પદ પર કામ કરી શકે છે.

## વાયુ વાવાઝોડાની અસર, ૩૭ તાલુકાઓમાં અડધાથી બે ઈંચ જેટલો વરસાદ ખાબક્યો

**(પ્રતિનિધિ) ગાંધીનગર**

ગુજરાતમાં વાયુ વાવાઝોડાની અસરને કારણે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં સવારે ૬ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધીમાં ૭૧ તાલુકામાં વરસાદ પડ્યો છે. વાયુની અસરને પગલે ભાવનગરમાં સૌથી વધારે ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજ્યના કુલ ૧૦૮ તાલુકાઓ એવા છે જ્યાં વરસાદની ઝલક જોવા મળી છે. રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ આજે સવારે ૮.૦૦ વાગે પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૮ જિલ્લાઓના ૧૦૮ તાલુકામાં હળવા ઝાપટાથી લઈ બે ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. વરસાદની જિલ્લાવાર માહિતી જોઈએ તો પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં ૪૫, સરસ્વતી તથા હારિજમાં ૧૬, પાટણમાં ૧૮, બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ૩૩, પાલનપુરમાં ૧૭, દિયોદરમાં ૧૪, દાંતા અને ડિસામાં ૧૨-૧૨ મી.મી. વરસાદ પડ્યો હતો. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ૪૩, હિંમતનગરમાં ૩૪, ઈડરમાં ૨૨, ખેડબ્રહ્મામાં ૨૧, તલોદમાં ૨૧, વડાલીમાં ૧૮ ૧૬ મી.મી. વરસાદ પડ્યો છે. મહેસાણા જિલ્લાના વિજાપુરમાં ૩૮, વિસનગરમાં ૩૬, વડનગરમાં ૨૧, મહેસાણામાં ૨૨ અને ઊંઝામાં ૧૧ મી.મી. વરસાદ પડ્યો છે. અરવલ્લી જિલ્લાના બાયડમાં ૩૩ મી.મી. વરસાદ નોંધાયો છે. ગાંધીનગર જિલ્લાના માણસામાં ૩૩ અને કલોલમાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં પણ વાવાઝોડાની અસર જોવા મળી હતી. જેમાં કચ્છ જિલ્લાના લખપતમાં ૧૬ મી.મી., દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં ૨૫ મી.મી., જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૧૨ મી.મી., ભાવનગર જિલ્લાના જેસરમાં ૨૦ મી.મી., અમરેલી જિલ્લાના જાફરાબાદમાં ૨૫ મી.મી., ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ૧૪ મી.મી, પોરબંદર જિલ્લાના રાણાવાવમાં ૧૨ મી.મી., રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ૧૧ મી.મી. તથા જામનગર તાલુકામાં ૨૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

## ક્યાંક એમ્બ્યુલન્સમાં પ્રસૂતિ તો ક્યાંક ગર્ભવતી માતાને બોટમાં લાવવામાં આવી



**(પ્રતિનિધિ) જૂનાગઢ**

રાજ્યમાં પ્રસરેલી ભયજનક સ્થિતિમાં પણ જૂનાગઢ અને અમરેલી જિલ્લામાંથી સારા સમાચાર આવી રહ્યાં છે. ઈમરજન્સીમાં જૂનાગઢ જિલ્લાનાં માલિયા વિસ્તારમાં એક મહિલાની પ્રસૂતી ૧૦૮ની એમ્બ્યુલન્સમાં કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે હાલ માતા અને બાળકની તબિયત સારી છે. આ ઊપરાંત અમરેલીમાં પણ સાત મહિનાની ગર્ભવતી મહિલાને પ્રીમેચ્યોર પ્રસૂતી દર્દ ઉપડતા પ્રસૂતી કરવાની જરૂર પડી હતી. મહિલાને દર્દ ઉપડતા એનડીઆરએફની ટીમે ભારે જહેમત ઉઠાવીને બોટમાં સિયાલબેટ મેડિકલ સેન્ટરમાં લાવવામાં આવી હતી. આ મહિલાને પ્રસૂતી માટે લઈ જવામાં આવી છે. આ પહેલા પણ ભાવનગરમાં આવો જ કિસ્સો સામે આવ્યો હતો. ત્યાંનાં કલેક્ટરે ટ્વિટ કરીને જણાવ્યું છે કે ગઈકાલે રાતે ૧૨.૩૦ કલાકે ૧૫ ગર્ભવતી મહિલાઓને વાયુ વાવાઝોડાનાં કારણે શિફ્ટ કરવામાં આવી હતી. જેમાંથી ૪ પ્રસૂતિ થઈ છે જે સફળ રહી છે. બાળકો અને માતાની તબિયત સારી છે.

## વાયુથી ૧૫મી સુધી ભારેથી અતિ ભારે પવન સાથે વરસાદ આગાહી

### ગીરસોમનાથ, દીવ, જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના વિસ્તારોમાં ૧૩૫-૧૪૫ કિલોમીટરની ઝડપે પવન ફૂકાશે

**(પ્રતિનિધિ) ગાંધીનગર**

વાયુ વાવાઝોડાના સંભવિત નુકસાન સામે પ્રશાસનની તૈયારીઓનો ધમધમાટ રાતભર રહ્યો હતો. ત્યાં પ્રભાવિત થનાર વિસ્તારોમાં રાત્રિથી ભારે પવન અને વરસાદ થઈ રહ્યો છે. તો મુખ્યપ્રધાન વિજય રુપાણી અને સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મીઓ પરિસ્થિતિ પર નજર રાખી જરુરી પગલાં લેવાના આદેશ આપ્યાં હતાં. રૂપાણીએ બુધવારે રાત્રે ૧૧ વાગે ખુદ વાવાઝોડા સ્ટેટ કંટ્રોલ રૂમની મુલાકાત લઈ આવનારી પરિસ્થિતિનું મોનિટરીંગ કર્યું હતું પતમામ જિલ્લા કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા સતત સંપર્કમાં રહી ત્વરીત નિર્ણય લેવાય તે બાબતે પરામર્શ કર્યો હતો. અલગ અલગ વિસ્તારમાં પ્રધાનોને પણ સાગરકાંઠાના વિસ્તારોમાં મોકલી આપવામાં આવ્યા છે.. કાંઠા વિસ્તારના અને નિચાણવાળા વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરાવી સલામત જગ્યાઓએ ખસેડવામાં આવ્યાં છે..દરેક જિલ્લાઓની સ્વૈચ્છિક સંસ્થાઓને ખાસ વિનંતી કરી લાખો ફૂડ પેકેટો તૈયાર કરી દેવામાં આવ્યાં છેપકુદરતના કોપ સામે તમામ સંભવિત બચાવના પગલાં લેવા માટે તંત્ર દ્વારા માઈક્રો પ્લાનિંગ કર્યું હોઈ ગભરાવાની જરુર નથી અને સચેત રહેવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. ત્યારે ૧૩મી જૂનના સવારે સાડા સાત કલાકની સ્થિતિની સેટેલાઈટ તસવીર થોડા રાહતના શ્વાસ લેવડાવે તેવી છે. વાયુ વાવાઝોડું પોરબંદર તરફથી કાંઠાના વિસ્તારમાં દરિયા તરફ જ ફંટાયું હોવાથી વાવાઝોટું ટકરાય નહીં તેવી શક્યતા છે પરંતુ પોરબંરથી લઈ દ્વારકા સુધીના તમામ દરિયાકાંઠાના વિસ્તારોમાં હાલ ભારે પવન ફૂંકાઈ રહ્યો છે અને વરસાદ પણ શરુ થયો છે. વાયુ વાવાઝોડુ હાલ ઓમાન તરફ ફટાઈ રહ્યું છે. વેરાવળથી નજીક અને પોરબંદરથી લગભગ ૧૮૦ કિલોમીટર દૂર સ્થિત છે. જેની અસરરુપે ૧૫ તારીખ સુધી ભારે વરસાદ અને પવન, વીજળી પડવાની સંભાવનાનો ખતરો બનેલો રહેશે તેમ હવામાનવિભાગ દ્વારા જણાવાયું છે. આ સાથે ગીરસોમનાથ, દીવ, જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના વિસ્તારોમાં ૧૩૫-૧૪૫ કિલોમીટરની ઝડપે પવન ફૂકાશે. જે બપોરે ૧૬૦ કિલોમીટર પ્રતિકલાક થઈ શકે છે. ગોંડલ અને જેતપુરમાં તંત્ર દ્વારા તકેદારીના ભાગ રૂપે વીજ પૂરવઠો બંધ કરાયો છે અને વરસાદના કારણે મોબાઈલ નેટવર્ક પણ જામ છે.

## શાંઘાઈ સમિટમાં ભાગ લેવા માટે મોદી કિર્ગીસ્તાન પહોંચ્યા, પુતિન-જિનપિંગ સાથે મુલાકાત

**(એજન્સી) નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંઘાઈ સહયોગ સમ્મેલનમાં ભાગ લેવા માટે ગુરુવારે કિર્ગીસ્તાન પહોંચી ગયા છે. વડાપ્રધાન ઓમાન, ઈરાન અને મધ્ય એશિયાના રસ્તે બિશ્કેક પહોંચ્યા છે. સમ્મેલનમાં મોદી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય ચર્ચામાં સામેલ થશે. સમિટમાં પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાન પણ સામેલ થશે. જો કે, બન્ને દેશો વચ્ચે મુલાકાત નહીં થાય. જ્યારે ઈમરાન પહેલા જ મોદીને પત્ર લખીને વાતચીતની માગ કરી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું હતું કે, શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં વૈશ્વિક સુરક્ષા સ્થિતી અને આર્થિક સહયોગ પર જોર આપશે. તેમણે એવું પણ કહ્યું કે, કીર્ગીસ્તાનનું તેમનું સફર શાંઘાઈ સહયોગ સમ્મેલનના સભ્યો દેશો સાથે ભારતના સંબંધોને મજબૂત કરશે.

## ગૂગલના સીઈઓ સુંદર પિચાઈની ભવિષ્યવાણી, કહ્યું - આ ટીમ રમશે વિશ્વકપ ફાઈનલ

### પિચાઈએ ઈંગ્લેન્ડમાં વિશ્વ કપમાં રમી રહેલી કોહલી સેનાને સમર્થન કરતા શુભકામનાઓ આપી

**(એજન્સી) ન્યુયોર્ક**

ગૂગલના સીઈઓ સુંદર પિચાઈનો ક્રિકેટ પ્રેમ કોઈનાથી છુપાયેલો નથી. તેઓ ઘણીવાર જણાવી ચુક્યા છે તે સ્કૂલના દિવસોમાં ક્રિકેટ રમતા હતા અને આ રમતમાં તેમનો ઘણો રસ છે. ભારતીય મૂળના પિચાઈએ ભવિષ્યવાણી કરી છે કે આઈસીસી વિશ્વ કપની ફાઈનલ ભારત અને યજમાન ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે અને તેઓ ઈચ્છે છે કે વિરાટ કોહલીની આગેવાની વાળી ટીમ સારૂ પ્રદર્શન કરીને વિજેતા બને. ૪૬ વર્ષના સુંદર પિચાઈએ કહ્યું કે જ્યારે તેઓ અમેરિકા આવ્યા તો તેમને બેસબોલ થોડું પડકારજનક લાગ્યું હતું. પિચાઈએ યૂએસઆઈબીસીની 'ઈન્ડિયા આઈડિયાઝ સમિટ'માં કહ્યું આ (આઈસીસી વિશ્વ કપ ફાઈનલ)




ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાવી જોઈએ. પરંતુ ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પણ સારી ટીમ છે. સુંદર પિચાઈ યૂએસઆઈબીસીની અધ્યક્ષા નિશા દેસાઈ બિસ્વાલના સવાલનો જવાબ આપી રહ્યાં હતા જેમણે પૂછ્યું હતું કે, તમને શું લાગે છે કે ફાઈનલ મેચ કોની વચ્ચે રમાશે? સુંદર પિચાઈએ અમેરિકામાં ક્રિકેટ અને બેસબોલના પોતાના અનુભવો પણ વર્ણવ્યા હતા. તેમણે કહ્યું, જ્યારે હું પ્રથમ વખત અહીં આવ્યો તો મેં બેસબોલમાં હાથ અજમાવવાનો પ્રયત્ન કર્યો. મારૂ કહેવું છે કે તે પડકારનજક હતું. મારી પ્રથમ મેચમાં મને ખુશી હતી કે મેં બોલને પાછળ હિટ કરી હતી. ક્રિકેટમાં આ ચોક્કસપણે સારો શોટ હોય છે પરંતુ લોકોએ તેની પ્રશંસા ન કરી. સુંદર પિચાઈએ કહ્યું, 'ક્રિકેટમાં જ્યારે તમે રન માટે દોડો તો બેટ સાથે રાખો છો તો બેસબોલમાં હું પણ મારા બેટની સાથે દોડ્યો હતો. તેથી અંતે મને અનુભવ થયો કે બેસબોલ પડકારનજક છે. હું ઘણી વસ્તુ સાથે તાલમેલ બેસાડી શકું પરંતુ ક્રિકેટ સાથે મારો પ્રેમ યથાવત રહેશે. આ શાનદાર ટૂર્નામેન્ટ છે. ભારતના સારા પ્રદર્શનની આશા કરી રહ્યો છું પરંતુ અહીં ઘણું દાવ પર લાગેલું છે.'

## વાયુ વાવાઝોડાની અસરે રાજ્યના ૪૪૫ ગામોમાં હજી વીજ પુરવઠો ખોરવાયો

**(પ્રતિનિધિ) ગાંધીનગર**

વાયુ વાવાઝોડું ગુજરાતથી દૂર જતું જાય છે પરંતુ તેની અસર હજી વર્તાઈ રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે વૃક્ષો, વિજળીના થાંભલા ધરાશાયી થયા છે. જેના કારણે રાજ્યના ૪૪૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. મળતી માહિતી પ્રમાણે ભારે પવનના કારણ વીજ થાંભલા જમીનદોસ્ત થયા હતા. આમ ગુજરાત રાજ્યના ૪૪૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. રાજ્યના ૮૪૦ ફીડર બંધ છે તો ૮૩૬ વીજ થાંભલા ક્ષતિગ્રસ્ત થયા છે. સાથે સાથે ૭૦ટ્રાન્સફોર્મર બંધ હાલતમાં છે. જેના કારણે હજારો લોકોને અસર પહોંચી છે. વાયુ વાવાઝોડાની દિશા ફંટાયા બાદ ગુજરાત માટે આંશિક રાહત થઈ છે. પણ હવામાન વિભાગે જણાવ્યું છે કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ અને પવન ફૂંકાશે તેથી અસરગ્રસ્ત વિસ્તારોના લોકોને તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે. બપોર બાદ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠા વિસ્તારોમાં પવન સાથે વરસાદ નોંધાયો છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે ટેલિફોનિક ચર્ચા કરી કેન્દ્ર સરકાર તરફથી પૂરતી સહાય આપવાની બાંહેધરી આપી છે. રાજ્યમાં સ્થિતિ થાળે પાડવા માટે વહિવટી તંત્રની સાથોસાથ એનડીઆરએફની ટીમો કાર્યરત છે.

# ભગવત ગીતા બાહ્ય કર્મ કાંડ અને કર્મ ક્રિયા મહત્વ આપતી નથી

જગતની કોઈપણ કૃતિએ માનવના મન પર કેટલું કાબુ જમાવ્યો છે, એને જ જો આપણે તેના મહત્વની અને મુલ્યવાન અને ચાવી રૂપ ગણાતા હોઈએ તો નીઃશંક ભગવત ગીતા એ ભારતીય માનસમાં મૂળભૂત આંતર જ્ઞાન પ્રદાન કરનાર અસરકારક પરમ સત્યને વરેલી કૃતિ છે, તેમાં કોઈ શંકા કરી શકાય તેમ નથી પણ ગીતાના જ્ઞાનની અંતરથી જાણકારી ઓછી અને માન્યતા વધુ છે, તેજ માનવ જાતની નબળાય છે, માણસ અંતરથી જાણીને આચરણ કરતા ભય અનુભવે છે, જેથી તયાર માલ ઉપર ચડી બેસે છે, અને ત્યાર માલ વેચનારાનો પાર નથી ,તેથી માણસ પોતાના અંતરથી ધર્મના જ્ઞાનને જાણીને ચાલતો નથી, ત્યાં જ મુશ્કેલી છે, મારી દ્રષ્ટિ અને સમજ અનુસાર ગીતા પુરાતન વેદિક અને ઉપનિષદની શુદ્ધ, સાત્વિક અને પવિત્ર સાસ્કૃતિ નું તે બીજ ફૂલ અને મીઠું મધુરું ફળ છે, આ ફળને માણસે અંતરથી જાણવાની જરૂર છે,અને જાણીને બરાબર ચાવીને તેનો રસ કરીને પીવાની જરૂર છે, જો ગીતાનો શુદ્ધ આંતર રસ લોહીમાં ભળી જશે તો ધન્ય બની જ જશો ,અને આ રીતે ગીતાને અંતરથી જાણીને આચરણમાં મુકવાની જરૂર છે, માનવાની કોઈ જ જરૂર નથી ,આપણે ત્યાં મુશ્કેલીએ છે, કે ધર્મને માત્ર માનવામાં આવે છે, અંતરથી જાણીને આચરવામાં આવતો જ નથી, જેથી બાહ્યા ચારોની બોલબાલા છે, એટલે આપણે આંતરિક રીતે ખાલી ખમ છીએ, ધર્મ એ આંતરિક રીતે જાણીને અંતરથી આચરવાની ચીજ છે,માનીને ચાલવાની ચીજ નથી ,ગીતાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ છે, કે અજ્ઞાનજનિક કર્મો જ માણસને બંધન કર્તા છે, જ્ઞાન સાથે થતા કર્મો બંધન કારક નથી ,માટે જ્ઞાન સાથે કર્મ કરતા જ રહો ,પરમ શાંતિ કર્મમાંથી જ મળશે,આમાં જ સત્ય ધર્મનો પાયો છુપાયેલો છે,આત્મજ્ઞાન દ્વારા જ મુક્તિ શક્ય છે,એટલે કે આંતર જ્ઞાન દ્વારા જ મુક્તિ છે, એ પોપટીયું શાસ્ત્રોનું જ્ઞાન નહી,પુસ્તકનું જ્ઞાન નહી, પણ આંતરિક જ્ઞાન જે મન બુદ્ધિ અને ઈન્દ્રીઓની પારની અવસ્થામાં નિર્વિચાર અને ઈચ્છા રહિતતા પ્રાપ્ત કરીને માણસ જયારે ઇન્દ્રિયોની પારની અવસ્થામાં સ્થિર થતા અંતરમાંથી જ્ઞાન ઉઝાગર થાય છે, તે જ્ઞાન, આવું આંતર જ્ઞાન પ્રાપ્ત થાય તેજ જ્ઞાન છે, જે મુક્તિ દાયક છે, બાકી સત્સંગમાં કે કથામાં પોપટીયું પીરસાતું જ્ઞાન મુક્તિ દાયક નથી, પણ દુખ દાયક છે,ધરબાર છોડી, બેરા છોકરાને રેઢા મૂકી હાથમાં કમંડલ ને લાકડી ભગવા કે સફેદ કપડા ધારણ કરી ,કોઈ વખાણ કરે ,સારો કહે સાચો ધાર્મિક કહે,સારું કર્યું છે, એમ કહે તેવો જો જો સંસાર ત્યાગ કરવામાં ભાવ અંતરના કોઈ ખૂણે સંગ્રહાયેલો હોય કે પદાર્થની મનમાં સહેજ પણ પકડ હોયતો તો તે સાચો ત્યાગી નથી, પણ મહા ભોગી, દંભી છે, અને અહંકારને પુષ્ટ કરવાનો માર્ગ ધારણ કરેલ છે, મારો જ ધર્મ વેશ, વગેરે સારો એવા સંકુચિત ભાવમાં સ્થિર હોયતો તે સાચો ત્યાગી નથી, પણ મહા ભોગી અને પ્રતિષ્ઠા પાછળ ની દોટ છે ,તેનું પરિણામ શૂન્ય જ હોવાનું , કોઈ માણસે ધર્મનું પુસ્તક મોઢે કરી લીધું તે જ્ઞાન નથી,અને પોપટની જેમ બોલવું તે જ્ઞાન નથી ,જ્ઞાન એ જુદી જ ચીજ છે, જે અંતરમાંથી આંતરિક રીતે શુદ્ધ થઈને ઉઝાગર કરવું પડે છે,જીવનમાં નિષ્કામ કર્મ, ફળની આશા છોડીને, એટલે કે અહંકાર ,રાગદ્વેષ,કામના વાસના અને આસક્તિથી શુદ્ધ અંતર દ્વારા આ બધાથી મુક્ત થઈને, થતું કર્મ એ જ્ઞાનયુક્ત કર્મ છે, તેવું કર્મ જ્ઞાનનું જ ફળ છે,મુક્તાત્મા કોણ તે માટે ગીતાએ સુંદર વર્ણન કરેલ છે, જેમાં સ્થિત પ્રજ્ઞ, ગુણાતીત અને નીર્ગ્રંથતામાં એટલે કે સમતા અને સમત્વમાં સ્થિર થવું એટલે, સુખ અને દુખ,લાભ અને નુકસાન , નિંદા અને પ્રશંષા, જય અને પરાજય, કીર્તિ અને અપકીર્તિ, વગેરે જે જીવનમાં દ્વદ્વ છે, તેમાં કોઈ એક બાજુ ઢળવું નહી, પણ બન્નેની વચ્ચે સમ થઈને સ્થિર થઈ જવું તેનું નામ સમતા છે ,અને સમતા એજ ધર્મનાં આચરણની સિદ્ધિ છે, જયાં ધર્મમાં સમતાનું અસ્તિત્વ જ નથી, વિશાળતા નથી ત્યાં ધર્મ નથી,જયાં આવી સમતા ધર્મમાં નથી, ત્યાં ધર્મની હાજરી જ નથી, એમ ગીતા સ્પષ્ટ કહે છે ,પણ આપણે ક્યા ગીતાની વાત જાણીને આચરવી છે, કે કૃષ્ણની વાત અંતરથી જાણીને ક્યા કોઈએ આચરવી છે. અંતરથી જાણીને આચરવું એજ ધર્મ છે, આપણે ક્યા ધર્મનું આચરણ અંતરથી કરવું છે, આપણે તો માત્ર દંભ કરવો છે, અને અહંકારને પુષ્ટ કરવો છે, અને બાહ્ય દેખાવ જ કરવો છે, અંતરની શુદ્ધતા કે સ્થિરતામાં ક્યા સ્થિર થવું છે. ગીતા સ્પષ્ટ કહે છે, કે જે કોઈ માણસ જ્ઞાન નિષ્ઠા ,કર્મ નિષ્ઠા ,ભક્તિ માર્ગ કે યોગ માર્ગનો સાધક હોય તેમણે પોતાના જીવનમાં સમતા,સ્થિત પ્રજ્ઞ અને ગુણાતીત અવસ્થા આંતરિક રીતે ધારણ કરવી જ જોઈએ, તોજ તે સાચો જ્ઞાનમાર્ગી ,કર્મ માર્ગી ,ભક્તમાર્ગી અને યોગી છે,ધર્મ એટલે આંતરિક સમતા,સ્થિત પ્રજ્ઞ અને ગુણાતીતની આંતરિક સ્થિતિ,,જ્યાં ધર્મમાં સમતા ,સ્થિત પ્રજ્ઞ અને ગુણાતીત અવસ્થાની આંતરિક સ્થિતિ જ નથી, ત્યાં ધર્મની હાજરી નથી, ત્યાં ધાર્મિકતાની હસ્તી જ નથી, તેમ ગીતા કહે છે, ત્યાતો હોય છે,માત્ર પેસો,પ્રતિષ્ઠા,પદ પ્રચાર અને પ્રપંચની ,હાજરી અને ત્યાંતો પછી હોય છે, આજા ફસાજાની હાજરી ,કૃષ્ણ ભગવાને મોક્ષ પ્રાપ્તિના સાધનો માટે જ્ઞાન માર્ગ, તથા નિષ્કામ કર્મ માર્ગ સૂચવેલ છે ,અને ભક્તિને પણ ગીતામાં મહત્વ આપેલ છે, પણ તે દ્વારા મોક્ષ મળે છે, તેમ ક્યાય કહ્યું નથી ,જો અંતરથી શુદ્ધ મન અને બુદ્ધિ કરી અંતરથી ભક્તિ હૃદય પૂર્વક કરશો, તો પરમ શાંતિ મળશે, સુખ મળશે ,પણ પરમ આનંદ પ્રાપ્ત થશે, તેમ ક્યાય કહ્યું નથી, પણ આજની થતી ભક્તિમાં તો સુખ કે શાંતિ પણ ઉપલબ્ધ થાય તેમ નથી. ગીતા સ્પષ્ટ કહે છે કે જે જ્ઞાન તેમજ કર્મ એટલે કે સાંખ્ય અને યોગ જે ભિન્ન માને છે, તે ધર્મનું સાચું તત્વ સમજયો જ નથી, જાણતો પણ નથી,આમ ગીતા બાહ્ય રૂપે થતા ક્રિયા કાંડ અને કર્મ કાંડ અને હવનો ને મુક્તિનું સાધન છે, તેમ કહેતી નથી ,જે મુક્તિ નું સાધન નથી, તે જીવનમાં આનંદ પ્રદાન કરી શકે જ નહી, તે કરવા વ્યાજબી કે યોગ્ય નથી, તેમ ગીતા સ્પષ્ટ કહે છે ,તેમાં માત્રને માત્ર ખુવારી જ હાથમાં આવે, તે આપણે આજે જોઈ શકીએ છીએ ગીતા ધરબાર છોડીને ભાગી જવાના પક્ષમાં નથી, પણ સંસારમાં રહીને પોતાની પરમ ચેતનામાં જાગૃતતા પૂર્વક સ્થિર થઈને જીવવાનું કહે છે, એટલે કે પરમ ચેતનામાં જાગૃત પૂર્વક સ્થિર થઈને જીવન જીવવાના પક્ષમાં ગીતા છે, ધરબાર છોડવાના પક્ષમાં નથી ,કૃષ્ણ પોતે પણ સંસારી હતા અને સંસારમાં રહીને પૂર્ણાત્માં પ્રાપ્તિ કરી જ હતી,તે પણ હકીકત છે,, એટલે કૃષ્ણની પથરાની મૂર્તિ સામે ધટડી બજાવવાનો, કે કાશીમાં મરવાનો કે ગંગામાં મડદા નાખવાનો કોઈ જ અર્થ નથી,તેનાથી કદી મોક્ષ મળે જ નહી ,કૃષ્ણનાં સમગ્ર જીવનને અંતરથી જાણી તેના જેવા અનાસક્ત ,મોહ મમતા અહંકાર, રાગદ્વેષ ,વાસના કામના વગેરેથી મુક્ત થઈને અસંગ અને અલિપ્ત બની, ઉપભોગની વૃતીમાથી નિવૃત થઇ ઉપયોગના ભાવમાં સ્થિર થઈને જે રીતે કૃષ્ણ જીવ્યા છે, તેવું જીવન સંસારમાં રહીને પરમ આનંદ સાથે જીવો એજ કૃષ્ણ ભગવાનનો પ્રેમ સંપાદન કરવાનો માર્ગ છે, તેજ તેની સાચી ભક્તિ છે,, જે તમોને મોક્ષના દરવાજે લઇ જ જશે, ને પરમ શાંતિ આપશે જ એમ કૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે. ગીતા હંમેશા જન હિતાર્થે અને લોક્સગ્રહાર્થ તથા ફળની આશા વિનાના નિષ્કામ કર્મને જ ટેકો આપે છે, તે ધરબાર છોડીને ભાગેડુ સંન્યાસને ટેકો આપતી જ નથી ,તેઓ ત્યાગનો વિશાલ અર્થ કરીને કહે છે, કે ત્યાગ એટલે ગીતાનો કર્મ ફળ જ ત્યાગ, ધરબાર છોડવા અને પદાર્થની પકડ ચાલુ રાખવી, મારો જ ધર્મ સારો, તેવા અંતરના કોઈપણ પ્રકારના ભાવમાં સ્થિર થઈને સંકુચિત ભાવમાં જીવવું તે ત્યાગ નથી, તેતો દંભ યુક્ત અને અહંકાર ને પોષણ આપવાની પ્રવૃત્તિ છે, એમ કહે છે. આમ આજના ત્યાગીઓ ત્યાગી નથી, પણ મોટા સંસારીઓ છે, તે જાણો બધાજ પેસા ઉપર બેસીને રાજ કરે છે ,અને તેનાથી દુર રહો તેમાંજ તમારું કલ્યાણ સમાયેલું છે,ગીતમાં મોક્ષને પ્રાપ્તિની યોગ્યતામાં કશો પણ જાતી,પાતિ,વર્ણ કે સ્ત્રી પુરુષનો ભેદ માન્યો જ નથી, સો કોઈ આંતરિક સાધના કરી આંતરિક મળોથી મુક્ત થઈને શુદ્ધ થઈને પરમાત્માને શરણે જવાની છૂટ આપી છે,અને સૌવ કોઈ મોક્ષના અધિકારી છે, એમ કહ્યું છે,પરમાત્માને શરણે જનારા પછીતે ખુબજ અત્યંજ હોય કે શુદ્ધ હોય કે સ્ત્રી હોય કે પુરુષ હોય બધાને મુક્તિ મળે છે, તેમ કૃષ્ણ ભગાવાન સ્પષ્ટ કહે છે ,છતાં આજના ધર્મે અનેક પ્રકારના ઉચ નીચના વાડા કરી ભેદભાવો ઉભા કર્યા છે, જ્યાં પણ ભેદ ભાવ છે, વાદ વિવાદ છે, જ્યાં વાદ અને વિવાદ છે, ત્યાં કદી પણ શાંતિ અને સુખ હાજર હોય શકે જ નથી. એટલે જ આજે ધાર્મિક સ્થળોમાં પણ શાંતિ નથી ધર્મના કેસો કોર્ટમાં ચાલતા જ હોય છે, ધર્મ એ હાર્ટમાં હોય કોર્ટમાં હોય શકે જ નહી, પણ તમામ ધર્મોના કેસો કોર્ટમાં ચાલતા હોય છે, તે શું બતાવે છે, એટલું તો મારા ભાઈ વિચારો ,જયાં વિશાળતા નથી, જયાં જતું કરવાની ભાવના નથી,જયાં સકુચીતતા છે, ત્યાંજ ધર્મ કોર્ટમાં હોય છે, એટલે જ્યાં વિશાળતા નથી જતું કરવાની ભાવના જ નથી, ત્યાં ધર્મ નથી, આજના ધર્મોએ પોતાના સ્વાર્થ સાધવા માટે વાડાઓ ઉભાકર્યા તેને ને ધર્મને કોઈજ લાગતું વળગતું જ નથી, આજે પણ સ્રીઓને ધર્મ સ્થાનમાં ગરવા જ ન દે તે શું સૂચવે છે, જરા તો મારા ભાઈ વિચારો, શું પુજારીઓ અને ધર્મના પીઠુંઓ શું આકાશમાંથી સિધા ઉતરી આવેલા છે,, તેથી સ્ત્રીઓનો તિરસ્કાર કરે છે, આ બધું જ પોતાનો સ્વાર્થ સાધવા માટેનું ષડ્યંત્ર છે, તેમાં ધર્મના કોઈ તત્વનું સ્થાન નથી પોતાનો સ્વાર્થ સાધવા માટે આ બધું જ ઉભું કરેલું છે, જે ખતરનાક છે, પણ આજના માનીને ચાલતા માણસને આમાં અજુગતું લાગતું જ નથી ,તે પણ બલિહારી છે , સ્રીઓનું સો ટકા અપમાન કરે છે, છતાં સ્ત્રીઓ હોશે હોશે ત્યાં જાય છે તેને કેવી સ્ત્રીઓ કહેવી,જેને કોઈ વિચાર, આત્મ સન્માન કે મન જ નથી, તેવી મુર્ખ સ્ત્રીઓ ત્યાં જાય છે,, એમ કહેવું જોઈએ છે, એમ જ માનવું રહ્યું જ્યાં સ્વમાન નથી ,ત્યાં જવું તે પાપ કૃત્ય છે, તમો કોઈના ધરે માંન ન મળતું હોય અને અપમાન થતું હોય ત્યા કદી જાવ છો ખરા? તો જ્યાં ધર્માત્મા તમારું મોઢું જ જોવા માંગતો નથી,મદિરમાં ધુસવા જ દેતો નથી ત્યાં સ્ત્રીઓએ જવાનો શું અર્થ એતો મને સમજાવો,માટે જરા શાંત ચિત્તે શુદ્ધ બુદ્ધિ અને મનથી વિચારી ધર્મને અંતરથી જાણી તમારા અંતરને શુદ્ધ સત્ય લાગે તેનું આચરણ કરો તેમાજ તમારું કલ્યાણ છુપાયેલું છે, માની ને ચાલવું તેતો અંધશ્રધ્ધા અને અંધ વિશ્વાસ જ છે જેમાં કદી કલ્યાણ નથી.

# લોકસભાની આ ૭૮ બેઠકો બદલી શકે છે ચૂંટણીનું ગણિત

દેશમાં યોજાયેલી લોકસભાની ચૂંટણી બાદ થયેલા એક્ઝિટ પોલમાં એવું બહાર આવ્યું છે કે દેશભરની ૭૮ બેકઠો એવી છે જયાં કસોકસનો મુકાબલો હતો, જો કે આમાંથી મોટાભાગની બેઠકો ભાજપ કે તેના સાથી પક્ષોને મળી રહી છે. જો તેનાથી વિપરીત પરિણામ આવશે તો આ પરિણામ સાથે કેટલાય પક્ષોનું ભાવિ પણ બદલાઇ શકે છે. તો આવો જાણીએ કઇ કઇ છે આ મહત્વ ધરાવતી બેઠકો. ૭૮ બેઠકોનું અનુમાનઃએક્ઝિટ પોલના અનુમાનોમાં એવું બહાર આવ્યું છે કે દેશની ૭૮ લોકસભા બેઠકો પર જોરદાર ટકકર હતી, જેમાં મોટાભાગની બેઠકો ભાજપ અને તેના સહયોગી પક્ષોને મળી રહી છે. એક્ઝિટ પોલ મુજબ જોરદાર મુકાબલાવાળી ૩૭ બેઠકો પર એનડીએ(૩૩ ભાજપ, ૪ સહયોગીઓ) આગળ ચાલી રહયા છે. જયારે ૧૭ બેઠકો પર યુપીએ આગળ છે, તેમાં ૪ બેઠકો પર કોંગ્રેસના સાથી પક્ષો આગળ છે, તો ૧૩ બેઠકો પર કોંગ્રેસ આગળ છે. આ બંને જુથો ઉપરાંત બાકીની બેઠકો પર તૃણમુલ કોંગ્રેસ, ટીડીપી, વાઈએસઆર, બીજેડી, બસપા અને સીપીઆઈએમ જેવા પક્ષોના ઉમેદવારો આગળ હોવાનું જણાય છે. ફકત ૩ ટકા જ મતોનું છે અંતરઃ આ તમામ ૭૮ બેઠકો પર વિજેતા અને તેની નજીકના હરીફના મતો વચ્ચે માત્ર ૩ ટકાનું જ અંતર અત્યારે દેખાય છે, એટલે મતોનું આ અંતર કોઇ પણ પક્ષ માટે નિર્ણાયક સાબિત થઇ શકે છે અને પરિણામોમાં મોટો ફેરફાર પણ સર્જી શકે છે. પહેલી સંભાવનાઃ જે ૩૩ બેઠકોમાં ભાજપ આગળ દેખાય છે તે બેઠકો પર તેને હાર મળે તો ભાજપનો આંકડો ઘટીને ૨૮૫ પહોંચી શકે છે. જો એવું થશે તો પણ ભાજપ સહેલાઈથી પૂર્ણ બહુમતિ મેળવી શકશે. જોરદાર ટકકરમાં કોંગ્રેસ જે ૧૩ બેઠકો પર આગળ જણાય છે એ બેઠકો જીતે તો કોંગ્રેસનો ગ્રાફ થોડો વધી શકે છે. જો એ બેઠકો કોંગ્રેસ હારે તો તેની સંખ્યા ૩૮ પહોંચી જાય જે ૨૦૧૪ના ૪૪ના આંકડા કરતા ઘણી નીચી ગણાય એટલે કે કોંગ્રેસ તેના ઈતિહાસના સૌથી ઓછા આંક પર આવી જાય. બીજી સંભાવનાઃ જો ભાજપ આ ૩૩ બેઠકો પરથી પણ વિજય મેળવે તો તે નવો ઈતિહાસ રચાઇ જાય અને સ્વબળે ૩૦૦ ના આંકને વટાવીને ૩૧૮ પર પહોંચી જાય. આવું થાય તો ૧૯૮૪ બાદ પહેલી વખત કોઇ પણ એક પક્ષ ૩૦૦ બેઠકને વટાવી જાય.યુપી-બંગાળની કેવી છે સ્થિતિઃ જોરદાર મુકાબલાની વાત કરીએ તો યુપી અને બંગાળ જેવા રાજયોમાં ૨૪ બેઠકો પર આવી ટકકર જોવા મળે છે. એકઝીટ પોલ મુજબ યુપીમાં ભાજપ અને મહાગઠબંધન વચ્ચે મુકાબલો છે, તો બંગાળમાં ભાજપ અને ટીએમસી વચ્ચે મુકાબલો છે. યુપીમાં મહાગઠબંધન અને ભાજપ સાત સાત બેઠકો પર આગળ છે. હવે ચોંકાવનારી એ વાત છે કે જો યુપીમાં મહાગઠબંધન આ સાતેય બેઠકો હારી જાય તો તેની જીતનો આંક એક આંકડામાં આવી જાય અને ભાજપ ૭૩પ્લસના દાવા મુજબ સાચો ઠરે.બંગાળમાં પાંચ બેઠકો પર ટીએમસી ભાજપથી આગળ દેખાય છે, જો આ પાંચેય બેઠકો ટીએમસી હારી જાય તો ભાજપની ધમાકેદાર એન્ટી થાય. જો કે આ તમામ એકઝીટ પોલના તારણો, અનુમાન છે અને એ પરિણામોમાં ફેરવાઇ જાય છે કે કેમ એ તો ૨૩મીએ જ ખબર પડશે,પણ એકઝીટ પોલના તારણોથી જે સ્થિતિ સામે આવી છે તે બહુ રસપ્રદ છે.

# લશ્કરની સાચી સમસ્યા

બત્રીસલક્ષણાઓની શહાદત અને સર્જિકલ સ્ટ્રાઇકને ચૂંટણીમાં મત માગવાના મુદ્દા બનાવનારાઓએ લશ્કરની સાચુકલી-ગંભીર સમસ્યા ભણી ધ્યાન આપવાની જરૂર છે. આ કોઇ એક રાજકીય પક્ષની વાત નથી; આ તો દેશ, એની સલામતી અને અખંડિતતા જાળવવાનો મામલો છે. એટલે સ્વાભાવિકપણે એક-એક નેતાથી લઇને બધા આમઆદમીને લાગુ પડે છે. ચીન અને પાકિસ્તાન જેવા પાડોશી અને આતંકવાદના વધતા ઉપદ્રવ વચ્ચે આપણી લશ્કરી સજ્જતા અંગે સતત સતેજ રહેવું જોઇએ. જરૂર પડ્યે શસ્ત્ર-સરંજામમાં તો પરદેશથી ખરીદી શકાય પણ એના ચલાવનારનુંય વિચારવાનું હોય. શસ્ત્રો સાથે ચલાવનારા હોય તો યુદ્ધના વ્યૂહ અને રણનીતિ ઘડનારા અને લડવા મેદાનમાં ઊતરનારાની જરૂર પડેને?આ સવાલ એટલા માટે કે લશ્કરમાં જોડાવા ઇચ્છુક જવાનોની સંખ્યા સતત ઘટી રહી છે. શિક્ષણના પ્રસાર સાથે કારકિર્દીના મલાઇદાર વિકલ્પો વધી રહ્યા છે. એટલે સૈન્યમાં જોડાવાના જોશમાં ઓટ વર્તાયે છે. લશ્કરમાં અફસરોની મંજૂર થયેલી સંખ્યા ૫૦,૦૨૮ છે પણ અત્યારે એમાં ૭૩૦૦ની ખાધ છે. આ ઉપરાંત સ્વૈચ્છિક નિવૃત્તિ માગનારાઓની અરજી સમસ્યાને વધુ ગંભીર બનાવે છે. ફળસ્વરૂપે લેફટનન્ટ કર્નલ, મેજર, લેફ્ટનન્ટ અને કેપ્ટન જેવી ‘ફાઇટિંગ રેન્ક’ વાળા અધિકારીઓની ખોટ ઊભી થઇ છે. આ મામલો વધુ ગંભીર બને એ અગાઉ ઘટતું કરવાના પ્રયાસો હાથ ધરાયા છે ખરા. તેજસ્વી સૈનિકો અને જવાનોને નેતૃત્વ, વ્યક્તિત્વ વિકાસ અને કમ્યુનિકેશન્સ આવડતની તાલીમ અપાઇ રહી છે. આ માટેનો ધ્યેય જુનિયર લીડરશિપ તૈયાર કરવાનો છે. આ માટે ચેન્નાઇની ઑફિસર્સ ટ્રેઇનિંગ એકેડેમીમાં યંગ લીડર્સ ટ્રેઇનિંગ વિંગની રચના થઇ રહી છે. આ માટે સંભાવના ધરાવતા ૪૦૦ સૈનિકોને ‘ઑફિસર્સ-લાઇક ક્વોલિટીઝ’ (ક્યુ.એલ.સી.)માટે કસોટીના એરણે ચડાવાશે. ટૂંકા ગાળાના ઉપાય તરીકે આ માર્ગ શ્રેષ્ઠ છે. આ દિશામાં સતત સક્રિય રહેવા સાથે ભાવિ પેઢીને લશ્કર ભણી આકર્ષિત કરવાની ઝુંબેશ હાથ ધરવાની તાતી જરૂર છે. સશસ્ત્ર દળમાં જોડાવા માટે આકર્ષક કારકિર્દી, પૂરતા પગાર, વ્યવસ્થિત ભથ્થા અને સગવડો ઉપરાંત દેશપ્રેમનો જોશ કંઇ રીતે ભેળવાય એ વિચારવાની જરૂર છે. મોટામસ આંતરરાષ્ટ્રીય સીમાડાનું રક્ષણ કરવા સાથે સશસ્ત્ર દળોએ ઘરઆંગણે ઘણી વધારાની ફરજ બજાવવાની હોય છે. તાજેતરમાં પૂરી થયેલી લોકસભાની ચૂંટણીમાં વીસેક લાખ જવાનોની જરૂર પડી હતી. અલબત્ત, આટલી મોટી સંખ્યામાં જવાનો એક સાથે કામે નહોતા લાગ્યા પણ ઘણાંને એક સ્થળેથી બીજે સ્થળે મોકલાયા હતા. જો એક જ દિવસે મતદાન હાથ ધરાયું હોત તો વીસ લાખ જવાનોની જરૂર પડી હોત. આ ઉપરાંત પૂર, ધરતીકંપ અને રમખાણમાં પણ સૈનિકોએ કામે લાગી જવું પડે છે. આ ચૂંટણીમાં કામે લાગેલા જવાનોની સંખ્યા ૧૯૮૬-૮૭માં હાથ ધરાયેલા ઓપરેશન બાસરકેસ કે ‘નાટો’ની સંયુક્ત કવાયતથી વધુ હતી. બીજા વિશ્ર્વ-યુદ્ધ બાદ ક્યારેય આટલા બધા જવાનોની દુનિયાના કોઇ ઓપરેશનમાં જરૂર પડી નથી. વધતા મતદાર, રાજકીય પક્ષો અને ઉમેદવારોને લીધે આપણા વર્દીધારીઓની જવાબદારી સતત વધી રહી છે. સો વાતની એક વાત પૂરતા સૈનિકો વગર ચાલવાનું જ નથી.

# ભગવાન કૃષ્ણ, મહાવીર અને બુદ્ધના મૂળભૂત વિચારોમાં સામ્યતા

ભારતની આધ્યાત્મિક ચિંતન શીલ વ્યક્તિઓમાં મૂળભૂત આધ્યાત્મિક ચિંતન શીલમાં ભગવાન કૃષ્ણ, મહાવીર અને બુદ્ધને ગણાવી શકાય, આ ત્રણ મહાન આધ્યાત્મિક ચિંતન શીલ વ્યક્તિઓના વિચારોનો આધાર દેશ કાળની પરિસ્થિતિ પર આધારિત રહ્યો છે,પરંતુ તેમાં ઘણું બધું સામ્ય છે,ભારતીય આધ્યાત્મિક ચિંતનમાં જો કોઈએ મહત્વનો ભાગ ભજવ્યો હોય તો તે છે, વેદના અને ઉપનિશદના ઋષીઓ જેમણે શુદ્ધ આંતર સાધનાનો માર્ગ, આંતર સાધના કરીને શોધ્યોં અને માનવને બતાવ્યો, તેની ઉપર જ ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિનું કાઠું બંધાયેલું છે, અને ભારતીય આધ્યાત્મિક ચિંતકોની પુષ્ઠ ભૂમિ સદાય આધ્યાત્મિક જ રહી છે,જોકે ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ અને સભ્યતાનો સમય સમય પર હ્રાસ થતો જ રહ્યો છે, તો પણ આધ્યાત્મિક વિચાર ધારા સદાય વેદ અને ઉપનિશદને આધારે જ રહી છે, એટલે કે ભારતીય આધ્યાત્મિક પરંમ્પરામાં વેદ અને ઉપનિષદનાં સત્યનો અંશ કોઈને કોઈ રીતે આધ્યાત્મિક જગતમાં સદાય મોજુદ રહ્યો જ છે, એમ જોઈ શકાય છે,વેદિક કાળથી લઈને આધુનિક યુગ સુધી વેદ અને ઉપનિશદની આધ્યાત્મિક વિચાર ધારા એક સરખી જ આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કરવાની સાધના પર જ ટકી રહી છે, અને માનવ જાતને આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કર્યા વિના જીવનનો પરમ આનંદ મળવો શક્ય જ નથી,અને પરમાત્માની અનુભૂતિ શક્ય નથી , એમ આધ્યાત્મિક વિચાર ધારા આજે પણ સ્પષ્ટ પણે માંને છે,અને વેદના અને ઉપનિશદનાં ઋષીઓ પણ એજ માનતા હતા,આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કરવામાં બાહ્યા ચારો એટલે કે કર્મ કાંડ ,કર્મ ક્રિયા પૂજા આરતીઓ અને હવનો વગેરે જરા પણ ઉપયોગી નથી, તેમ ઋષિઓએ જાહેર કરેલ છે,વેદિક અને ઉપનીશદોના વિચારોનું કથન કરનાર, અને તેનું દોહન કરનાર ભગવત ગીતા પણ આંતરિક શુદ્ધતા અને સ્થિરતા પ્રાપ્ત કરવામાં બાહ્ય કર્મ કાંડો, કર્મ ક્રિયાઓ અને હવનો વગેરે કરવાના કે સંસાર છોડવાના મતમાં નથી,, ગીતા એતો આંતરિક હવનનો આખો વિચાર જ ફેરવી નાખ્યો છે, તેમણે કહ્યું કે ફળની આશા વિના, નિષ્કામ ભાવથી, કર્તૃત્વ રહિત, સાક્ષીભાવમાં સ્થિર થઈને કર્મ કરવા તે જ હવન છે, અને આ હવનમાં માણસે પોતાના રાગદ્વેષ, અહંકાર, કામના ,વાસના, આસક્તિ, મોહ વગેરે જેવા તમામ અંતરના ભાવોને અંતરની અગ્નિમાં બાળી નાખવાના રહે છે,,અને આંતરિક રીતે શુદ્ધ અને સ્થિર થવાનું છે એજ યજ્ઞ છે,કૃષ્ણ ગીતામાં કહે છે કે જીવનમાં આસક્તિ, મોહથી, વાસના, કામના અહંકાર વગેરેથી મુક્ત થઈને અસંગ બની, અલિપ્ત બની ઉપયોગના ભાવમાં સ્થિર થઈને, પરમ ચેતનામાં સ્થિર થઈને, જાગૃતિ પૂર્વક જીવન જીવવું તે જ જીવનની સિદ્ધિ છે, પરમ આનંદની પ્રાપ્તી કે પરમાત્માને પ્રાપ્ત કરવા ધરબાર છોડવાની કોઈ જ જરૂર નથી, તેમ સ્પષ્ટ કહ્યું છે, અંતરથી શુદ્ધ અને સ્થિર થાવ એમજ કહ્યું છે,કૃષ્ણ ભગવાનની ભગવત ગીતા જન મન પર એટલી બધી છવાય ગઈ છે, કે જેની કોઈ સીમા નથી ,પણ તેનું અંતરથી જાણીને આચરણ નહીવત છે, આમ ગીતાના જ્ઞાનને શુદ્ધ મન અને શુદ્ધ બુદ્ધિથી અંતરથી જાણ્યા વિના માણસે માત્ર માનીને ચાલવાનું શરુ કર્યું છે ,તેથી તેનાં પરિણામેં માણસ પરમ આનંદ પ્રાપ્ત કરી શક્યો નહી, ગીતા જીવનમાં અંતરથી જાણીને આચરવાની હતી, તેને બદલે ધરમાં ચાંદલા કરી પુઝવાનું પુસ્તક બની ગયું જેથી, તેનો સત્ય સ્વરૂપ લાભ માનવ જાતને મળ્યો નહી ગીતાનો મૂળભૂત સંદેશ મન અને બુદ્ધિ ને શુદ્ધ સ્થિર કરીને વાસના,કામના ,મોહ વગેરે અંતરના ભાવોથી મુક્ત થવાનો છે, જયારે માણસની વાસના તિરોહિત થાય છે, ત્યારે જ માણસને પરમ આનંદ ઉપલબ્ધ થાય છે, તે આધ્યાત્મિક જગતનો પાયાનો સિધ્ધાંત છે, આ સિધ્ધાંત ઉપર જ ગીતાનું ચણતર છે,આજના માણસે વાસના અને કામના વગેરેને ને મનમાંથી તિરોહિત કરવાને બદલે આંખો ફોડી નાખવાનું ,ઇન્દ્રિયો કાપવાનું અને સ્ત્રીઓનાં મોઢા જોવાનું બંધ કર્યું ,જેથી મનમાં વાસનાં કામના વગેરે તીરોહીતતો ન થઇ પણ વધુ ધાટી થઇ ,જેથી દુઃખ, ચિંતા ચાલુ જ રહયા છે, જો આખો ફોડવાથી જ કામના વાસના કાબુમાં આવતી હોય તો ધ્રુતરાષ્ટને જન્મથી જ આંખો હતી નહી, તેની વાસના અને કામનાં એ આખા કુટુંબનો નાશ કર્યો ,ને હાથમાં કશું પણ આવ્યું નહી, કૃષ્ણ અને મહર્ષિ વ્યાસ જેવા પ્રગાઢતત્વ ચિંતકોનું પણ તેઓ માન્યા નહી, તે તેની વાસના કામનાની પ્રગાઢતાનું જ પરિણામ છે, એટલે આંખો કે કોઈપણ ઈન્દ્રિય કાપી નાખવાથી, સ્ત્રીઓનું મોઢું નહી જોવાથી વાસના કે કામના તિરોહિત થાય જ નહી, તે સત્ય હકીકત પુરવાર થયેલી છે, માણસે ખરેખર વાસના, કામના, અહંકાર, રાગ દ્રેશ, મોહ ,મમતા અને પદાર્થની પકડમાંથી મુક્ત થાવું હોયતો તે માટે તો મન અને બુદ્ધિ ને શુદ્ધ કરી ઈન્દ્રિઓના રસોને નીયત્રિત કરવા પડે છે, ને ઇન્દ્રિયોને સંયમિત કરવી જ પડે છે, શુદ્ધ કરવી પડે છે, તોજ સિદ્ધિ હાથ વગી થાય, આ બધામાં બાહ્યા ચારો કોઈ કામમાં આવતા જ નથી,એટલું માણસે શુદ્ધ હૃદયથી જાણી લેવા જેવું છે,જે રીતે મહાન કર્મ યોગી કૃષ્ણનો ગીતામાં સત્ય સ્વરૂપ જીવન જીવવાનો ઉપદેશ છે, તેમજ જેન ધર્મના ઉત્તરાધ્યયન ગ્રંથમાં માણસના આત્માને પવિત્ર શુદ્ધ અને સાત્વિક બનાવવાનાં સાત્વિક,સત્ય સ્વરૂપ સિદ્ધાંતોની સાથે સાથે મહાવીર ભગવાનના નીર્ગ્રથ અને વીતરાગતામાં સ્થિર થઈને આત્માને જાણવાના અને તેમાં સ્થિર થવાના તમામ સાત્વિક,તાત્વિક,સત્યસ્વરૂપ સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવેલ છે,મારી દ્રષ્ટિ અને સમજ અનુસાર ઉત્તારાધ્યયન ઉત્તમોત્તમ સત્ય સ્વરૂપ આત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાનો સત્ય સ્વરૂપ આધ્યાત્મિક માર્ગનો ગ્રંથ છે, જેમાં માણસે પોતાની જાતને આંતરિક રીતે સત્ય સ્વરૂપ થઈને જાણી તેમાં સ્થિર થવાનું છે, અને જીવનમાં ,નેતિક સદાચાર, સત્યસ્વરૂપ જીવન વ્યવહારનું આચરણ કરવા માનવ જાતને સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે,એટલે માણસે શુદ્ધ મન અને બુધ્ધિથી ઉત્તરાધ્યયનનાં સિદ્ધાંતોને શુદ્ધ મન અને બુદ્ધિથી અંતરથી સત્ય સ્વરૂપ થઈને જાણીને તેનું આચરણ કરવું જરૂરી છે, જો શુદ્ધ મન અને બુદ્ધિથી સત્ય સ્વરુપ થઈને જાણીને આચરણ કરવામાં આવશે તો આ જીવનમાં તમામ પ્રકારના દુઃખમય સંસારથી છુટકારો, સ્વસ્થ ચિત્તે પ્રસન્નતા પૂર્વક પ્રાપ્ત કરી શકાશે તેવી તાકાત આ ગ્રંથમાં રહેલી, છે, માત્ર ને માત્ર સત્ય સ્વરૂપ થઈને અંતરથી જાણીને તે પ્રામાણે જીવનમાં આચરણ કરવાની જરૂર છે, અને આચરણ એજ ધર્મ છે, માટે ઉત્તરાધ્યયને સુચવેલા માર્ગ પર સ્વસ્થતા પૂર્વક અંતરથી જાણીને સત્ય સ્વરૂપ થઈને ચાલવાથી આ જીવનમાં જ પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે,અને મોક્ષના દરવાજે આપણને ઉભા કરે જ છે,તેવી તાકાત આ ગ્રંથમાં રહેલી છે,બુધ્ધ ભગવાનનો ધમ્મપદ પણ એવો જ અદભૂત ગ્રંથ છે, જેમાં વિશેષ કરીને સત્ય સ્વરૂપ નેતિક સદાચાર દ્વારા દુઃખમય સંસારથી છુટકારો મેળવવા માટેનો સત્ય સ્વરૂપ માર્ગ બતાવામાં આવેલ છે, તથા બુદ્ધ ભગાવાન દ્વારા પ્રતિપાદિત ચાર આર્ય સત્ય અને અષ્ટાંગ માર્ગનું ઉદબોધન સારી રીતે કરવામાં આવેલ છે, જેના દ્વારા માણસ નિર્વાણ સુધી પહોચી શકે છે,આમ ભગવાન કૃષ્ણ ,ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ ત્રણે મહા જ્ઞાની પુરુષો નું અને વેદ અને ઉનીશદોના ઋષિઓનું એકજ મંતવ્ય ફલિત થાય છે, કે માણસે ખરેખર જો આ જન્મમાં જ પરમ શાંતિ, પરમ સુખ અને પરમ આનંદ પ્રાપ્ત કરવો હોય તો માણસે આંતરિક શુદ્ધતા પ્રાપ્ત કરવી જ પડે છે , અને આ માટે આધ્યાત્મ માર્ગે જ આંતરિક સાધના કરવી જરૂરી બને છે, કોપણ પ્રકારની આંતરિક સાધના દ્વારા આંતરિક શુદ્ધતા અને સ્થિરતા પ્રાપ્ત કરવી આવશ્યક અને જરૂરી છે. અને અહંકાર, રાગદ્વેષ ,કામના વાસના, તૃષ્ણા, આસક્તિ, મોહ મમતા વગેરેમાંથી નિવૃત થવું જ જોઈએ, એટલે કે માણસે અંતરના ભાવો બદલવા જ પડે છે, અને પૂર્ણ રૂપે શુદ્ધતા સ્થિરતા પ્રાપ્ત કરવી જ પડે, તોજ જીવનમાં સિદ્ધિ હાથમાં આવે છે, એમ ત્રણે મહામાનવોએ અને વેદ અને ઉપનીષદના ઋષિઓનું સ્પષ્ટ કહેવું છે. આપણે તેને શુદ્ધ અંતરથી જાણીને તે પ્રમાણે વ્યવહાર અને આચરણ સત્ય સ્વરૂપ થઈને કરતા નથી માટે દુખી છીએ, તનાવ ગ્રસ્ત જીવન જીવીએ છીએ, ને ક્યાય શાંતિ અને સુખનો સત્ય સ્વરૂપ અહેસાસ કરી શકતા નથી, તે આજની હકીકત છે. જો માણસ માત્ર માનીને ચાલતો બંધ થાય અને અંતરમાં ઉતરી સત્ય ને જાણીને તે પ્રમાણે વર્તન વ્યવહાર કરે, તો માણસ શાંતિ સુખમાં જીવી શકે તે સિવાય અશક્ય છે,

# વાયુસેનાના વિમાન એએન-૩૨ના કાટમાળ પાસે બચાવ ટીમ પહોંચી

## ૧૫ સભ્યોની બચાવ ટુકડીને હેલિડ્રોપ કરી વાયુસેનાના દુર્ઘટનાગ્રસ્ત વિમાન સુધી પહોંચાડાઈ

**(એજન્સી) નવીદિલ્હી**

અરુણાચલના સિયાંગ જિલ્લામાં ભારતીય વાયુસેનાના દુર્ઘટનાગ્રસ્ત માલવાહક વિમાન એએન-૩૨માં સવાર વાયુસેનાના તમામ ૧૩ જવાનોના મોત થયા છે. મંગળવારે વિમાનનો કાટમાળ મળ્યા બાદ ત્યાં સુધી પહોંચેલા બચાવ દળે આ અંગેની પુષ્ટિ કરી છે. આ દુઃખદ દુર્ઘટનામાં મરેલા તમામ લોકોના પરિવારોને આ અંગેની જાણ કરવામાં આવી છે. ૧૫ સભ્યો સાથેનું બચાવ દળ સવારે વિમાનના કાટમાળ સુધી પહોંચ્યું હતું. કાટમાળની તપાસ કરતા વિમાનમાં સવાર એકપણ વ્યકતિ જીવીત મળી નહતી.બુધવારે ૧૫ સભ્યોની બચાવ ટુકડીને હેલિડ્રોપ કરવામાં આવ્યા હતા. જેમાં એરફોર્સ, આર્મીના જવાનો તેમજ પર્વતરોહકોનો સમાવેશ થતો હતો. બચાવ ટુકડીને એરલિફ્ટ કરીને વિમાનના કાટમાળ નજીક લઈ જવામાં આવ્યા અને ત્યાં ઉતારવામાં આવ્યા હતા. મંગળવારે આઠ દિવસથી ગુમ થયેલા વાયુસેનાના વિમાનનો કાટમાળ મળી આવ્યો હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. વાયુસેનાના વિમાનનો કાટમાળ અરુણાચલના સિયાંગ જિલ્લામાંથી મળ્યો હતો. દુર્ઘટના સ્થળ ઘણું ઊંચાઈએ હોવાથી તેમજ ગીચ જંગલને પગલે કાટમાળ સુધી બચાવ ટુકડીને પહોંચવું પડકારરૂપ હતું.બચાવ ટુકડીને ત્યાં પહોંચવા માટે ઘણી મુશ્કેલી પડી હતી. વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પૈકી ૬ અધિકારીઓ અને ૭ એરમેન હતા. ઈસ્ટ અરુણાચલનો પર્વતિય વિસ્તાર ઘણો રહસ્યમય માનવામાં આવે છે અને બીજા વિશ્વ યુદ્ધ વખત દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનોનો કાટમાળ મળી અનેક વખત મળી આવે છે. વાયુસેનાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું તે સ્થળ ૧૨



હજાર ફૂટની ઊંચાઈએ આવેલું છે.રશિયન બનાવટના વિમાને ૩જી જૂનના રોજ આસામના જોરહાટથી ચીન સરહદ નજીકના મેનચુકા જઈ રહ્યું હતું. ઉડાનના અડધો કલાકમાં જ વિમાનો સંપર્ક છૂટી ગયો હતો. વિમાનમાં સવાર વિંગ કમાન્ડર જી એમ ચાર્લ્સ, સ્કૉવ્ડ્રન લીડર એચ વિનોદ, ફ્લાઈટ લેફ્ટનન્ટ એલ આર થાપા, એમકે ગર્ગ, આશિષ તનવર અને સુમિત મોહન્તી, વૉરન્ટ ઓફિસર કે કે મિશ્રા, સાર્જન્ટ અનૂપ કુમાર, એરમેન એસ કે સિંહ, પંકજ તેમજ સાથી રાજેશ કુમાર અને પુતાલીના મોત થયા હોવાનું એરફોર્સે જણાવ્યુ હતું.

# વિકીલિક્સ સંસ્થાપક જૂલિયન અસાન્જેનો અમેરિકામાં પ્રત્યાર્પણનો આદેશ કરાયો

## બ્રિટિશ ગૃહસચીવ સાજિદ જાવીદે વિકીલિક્સ સંસ્થાપક જૂલિયન અસાન્જેને અમેરિકા મોકલવાના પ્રત્યાર્પણ આદેશ પર સહી કરી

**(એજન્સી) વોશિંગ્ટન**



વિકીલિક્સ પર અત્યંત મહત્ત્વના દસ્તાવેજો લીક કરી અમેરિકા સહિતની દુનિયાભરની સરકારોને હચમચાવનાર જૂલિયન અસાન્જને અમેરિકાને હવાલે કરવામાં આવશે. બ્રિટિશ ગૃહસચીવ સાજિદ જાવીદે વિકીલિક્સ સંસ્થાપક જૂલિયન અસાન્જેને અમેરિકા મોકલવાના પ્રત્યાર્પણ આદેશ પર સહી કરી દીધી છે. અસાન્જે પર અમેરિકી કોમ્પ્યૂટર્સ હેક કરવાના અને ત્યાંના કાયદા તોડવાનો આરોપ છે. જૂલિયન અસાન્જેની થોડાસમય પહેલાં બ્રિટન સ્થિત ઈક્વાડોરના રાજદૂતાવાસમાંથી ધરપકડ કરવામાં આવી હતી. વિકીલિક્સ પર દસ્તાવેજો મૂકાયાં બાદ અસાન્જે તમામ ટોચની હસ્તીઓના નિશાને છે. ૨૦૧૦માં અસાન્જે ઉપર એક મહિલા દ્વારા યૌનશોષણ-રેપનો આરોપ લગાવાયો હતો, ત્યારબાદથી અસાન્જેએ ઈક્વાડોરના રાજદૂતાલયમાં શરણ લીધું હતું. અસાન્જે સેના અને કૂટનીતિ સાથે જોડાયેલાં ગુપ્ત દસ્તાવેજો જાહેર કરવાના આરોપમાં અમેરિકા પ્રત્યાર્પણ દ્વારા તેને પરત લાવવાની કોશિશ કરવામાં આવી રહી હતી જે હવે સફળ થશે. બ્રિટિશ સરકારની આ મંજૂરી બાદ અમેરિકાને અસાન્જેને અમેરિકા લાવવામાં સફળતા મળી છે અને જૂલિયન અસાન્જે પર અમેરિકામાં થયેલાં કાયદાભંગ અંગે કોર્ટ કાર્યવાહી કરવાનો રસ્તો ખુલ્લો થયો છે. આપને જણાવીએ કે મોટામોટા કોર્પોરેટ અને દેશોની સરકારોની ગીપનીય માહિતીઓને જનતાના લાભાર્થે વિકીલિક્સ દ્વારા ઓનલાઈન કરવામાં આવ્યાં હતાં જેનાથી વૈશ્વિક ભ્રષ્ટાચાર ઉઘાડો પડ્યો હતો. અસાન્જેના અમેરિકા પ્રત્યાર્પણ આદેશ પર સહી થતાં જ તેમના સમર્થકોમાં બ્રિટિશ સરકાર સામે નારાજગી સોશિઅલ મીડિયા પર મોટાપ્રમાણમાં જોવા મળી રહી છે.

# દીકરાની ફીના નાણાં પરત નહીં કરી શકતા પરિવારે આત્મહત્યા કરી

## દીકરાની સ્કૂલ ફી ભરવા માટે તેણે ઘણા લોકો પાસેથી ઉધાર પૈસા લીધા હતા

**(એજન્સી) નાગાપટ્ટનમ**

તમિલનાડુના નાગાપટ્ટનમ જિલ્લામાં એક દુઃખદ ઘટના ઘટી છે. જિલ્લાના વેલિપાયમ વિસ્તારમાં એક દંપતિ પોતાના ૧૧ વર્ષના દીકરા સાથે રહેતું હતું. બુધવારે તે તમામના મૃતદેહો તેમના ઘરમાંથી પ્રાપ્ત કરાયા હતા. મૃતકના એક પરિવારજને દાવો કરતા કહ્યું કે બાળકની સ્કૂલ ફી જમા કરાવવા માટે તેણે પૈસા ઉધાર લીધા હતા પરંતુ તે પૈસા પરત નહીં કરી શકવાના કારણે તેમણે તણાવમાં આવીને આત્મહત્યા કરી લીધી છે. મૃતકની ઓળખ ૩૫ વર્ષીય સેંથિલ કુમાર તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે, સેંથિલ સોનીનો ધંધો કરી ઘરનું ગુજરાન ચલાવતો હતો. તેના મિત્રએ તેને અનેક વખત ફોન કર્યા પરંતુ જ્યારે તેણે તેના એક પણ ફોનનો જવાબ ન આપ્યો ત્યારે તે તેનાં ઘરે આવી પહોંચ્યો હતો. ઘરમાં ત્રણેયના મૃતદેહ જોતા તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. તેણે તાત્કાલિક ધોરણે પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. સેંથિલના મિત્રએ જણાવ્યું કે તેના દીકરાની સ્કૂલ ફી ભરવા માટે તેણે ઘણા લોકો પાસેથી ઉધાર પૈસા લીધા હતા. પરંતુ લોકો પાસેથી લીધેલા નાણા પરત નહીં કરી શકવાના કારણે તે પતિ-પત્ની બંને સતત તણાવમાં રહેતા હતા. આ વર્ષે દીકરાની ફી જમા કરવા માટે તેને કોઈ પાસેથી ઉધાર પૈસા નહતા મળી રહ્યા. બાળકનો મૃતદેહ સ્કૂલ ડ્રેસ પહેરેલી સ્થિતિમાં જ મળી આવ્યો હતો. ત્રણેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ કરવા માટે મોકલી અપાયા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પરિવારે ખોરાકમાં ઝેર ભેળવીને ભોજન ગ્રહણ કર્યુ હતું. જોકે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવવાનો હજી બાકી છે. પોલીસે કેસ દાખલ કરીને મામલાની તપાસ શરૂ કરી દીધી છે. સેંથિલ કુમારના ઘરમાંથી પોલીસને હજી સુધી કોઈ સુસાઈડ નોટ પ્રાપ્ત થઈ નથી.

# દિશા પટણીના બર્થ ડે પર ટાઈગર શ્રોફે ખાસ અંદાજમાં કર્યુ વિશ, શેર કર્યો સ્પેશિયલ વીડિયો

## ટાઈગરે આ વીડિયો શેર કરતાં 'હેપ્પી બર્થ ડે ડી' લખ્યું

**(એજન્સી) મુંબઇ**

બોલીવુડ એક્ટ્રેસ દિશા પટણીના બર્થ ડે પર ટાઇગર શ્રોફે તેને ખાસ અંદાજમાં બર્થ ડે વિશ કર્યુ છે. ૧૩ જૂને દિશાના બર્થ ડે પર ટાઇગરે એક વીડિયો શેર કર્યો છે. જેમાં બંને ડાન્સ રિહર્સલ કરતાં નજરે આવી રહ્યાં છે. આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. તેને જોયા બાદ દિશાના ડાન્સિંગ સ્કીલ્સનો પણ અંદાજ લગાવી શકાય છે.આ વીડિયોમાં દિશા અને ટાઇગર 'બેફિક્રા ભી હોના જરૂરી હૈ' સૉન્ગ પર રિહર્સલ કરી રહ્યાં છે.ટાઇગરે આ વીડિયો શેર કરતાં 'હેપ્પી બર્થ ડે ડી' લખ્યું છે.જણાવી દઈએ કે ૨૦૧૬માં આવેલા આ આલ્બમમાં બંને સાથે નજરે આવ્યાં હતા. બંનેની કેમેસ્ટ્રી અને ડાન્સને દર્શકોનો સારો રિસ્પોન્સ મળ્યો હતો. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં દિશાએ પોતાના બર્થ ડે પ્લાન્સ વિશે જણાવ્યું હતું. તેણે કહ્યું હતું કે તે પોતાના મિત્રો સાથે ડિનર કરશે પરંતુ આ પાર્ટીમાં ટાઇગર હશે કે નહી તે અંગે દિશાએ જણાવ્યું કે તેણે આ અંગે કોઇ પ્લાન નથી બનાવ્યો.કહેવામાં આવી રહ્યું છે કે દિશા અને ટાઇગર એકબીજાને ડેટ કરી રહ્યાં છીએ. તેઓ ઘણીવાર એકબીજા સાથે સ્પોટ થયાં છે.

# મોન્ટી ચઢ્ઢાની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ, વિદેશ ભાગવાની તૈયારીમાં હતો

## અનેક બાંધકામ કંપનીઓ સ્થાપીને લોકો પાસેથી નાણાં લીધા અને ફ્લેટ આપવાના વયદા આપ્યા હતા

**(એજન્સી) નવીદિલ્હી**

દિલ્હી પોલીસની ઈકોનોમિક ઓફેન્સિવ વિંગે મનપ્રીત સિંહ ચઢ્ઢા ઉર્ફ મોન્ટી ચઢ્ઢાની છેતરપિંડી મામલે દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરી લીધી છે. મનપ્રીત પર ફ્લેટ ખરીદનારાઓ સાથે છેતરપિંડી કરવાનો આરોપ છે.પ્રાપ્ત માહિતી મુજબ, ઈઓડબ્લ્યુએ મનપ્રીતની બુધવારે રાત્રે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. મનપ્રીત ફુકેત જવાની તૈયારીમાં હતો. ગુપ્ત માહીતીના આધારે પહેલાથી જ પોલીસને એલર્ટ પર રાખવામાં આવી હતી.પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, આરોપી મનપ્રીત વિરુદ્ધ અનેક લોકોએ ફરિયાદ દાખલ કરી હતી કે તેણે અનેક બાંધકામ કંપનીઓ સ્થાપીને લોકો પાસેથી નાણાં લીધા અને ફ્લેટ આપવાના વયદા આપ્યા હતા જો કે તેણે વાયદા પ્રમાણે લોકોને ફ્લેટ આપ્યા નહતા. મનપ્રીત ચઢ્ઢા પર લગભગ ૧૦૦ કરોડની છેતરપિંડી કરવાનો આરોપ છે. કેટલાક લોકોએ જણાવ્યુ હતું કે, ૧૧ વર્ષ બાદ પણ તેમને પ્લોટ મળ્યા નથી. ૨૦૧૨માં પિતા પોન્ટી ચઢ્ઢા અને કાકા હરદીપનું ફાયરિંગમાં મોત થયા બાદ મનપ્રીતે વ્યવસાયની જવાબદારી સંભાળી હતી.

# હડતાલ કરી રહેલા ડૉકટરોને મમતાનું ચાર કલાકનું અલ્ટિમેટમ

**(એજન્સી) કોલકાતા**

હડતાલ પર ઉતરેલા ડૉકટરોને મુખ્યમંત્રી મમતા બેનરજીએ ૪ કલાકનું અલ્ટીમેટમ આપી દીધું છે. મમતા બેનરજીએ ડૉકટરોને ૪ કલાકમાં કામ પર પરત ફરવા જણાવ્યું છે. પશ્ચિમ બંગાળમાં જુનિયર ડૉકટર હડતાલ પર ઉતર્યા છે તેમને સમર્થન આપવા માટે સિનિયર ડૉકટરો પણ હડતાળ પર ઉતરી ગયા છે. આને કારણે બુધવારે બંગાળમાં સ્વાસ્થ્ય સેવાઓ ઠપ રહી હતી.હકીકતમાં એનઆરએસ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં દર્દીનું મોત થતા તેના પરિવારના લોકો એક હોસ્પિટલના ઈન્ટર્ન ડૉકટર સાથે મારઝૂડ કરી હતી. જેને પગલે જુનિયર ડૉકટરના માથના ભાગમાં ગંભીર ઈજા થઈ હતી ત્યારબાદ તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સરકારી હોસ્પિટલ સાથે ખાનગી હોસ્પિટલમાં પણ સેવાઓ બંધ કરી હતી કેમકે ખાનગી હોસ્પિટલના સ્ટાફે પણ આ ઘટના અંગે રોષ વ્યક્ત કર્યો હતો.આ ઘટના બાદ કોલકાતા હોસ્પિટલાના જુનિયર ડૉકટરોએ કામ કરવાનું બંધ કરી દીધું અને વધારે સુરક્ષાની માગ કરી હતી. તેમણે પોલીસ પર પણ આક્ષેપ કર્યો હતો કે જ્યારે તેમના સહયોગી ડૉકટર સાથે મારઝૂડ થતી હતી ત્યારે પોલીસે કોઇ પગલા લીધા નહતા. કેટલાક મંત્રી અને પોલીસ અધિકારીઓ હોસ્પિટલ પહોંચ્યા હતા જો કે તેમને પ્રદર્શનનો સામનો કરવો પડ્યો હતો. રાજ્ય સરકારે મંગળવારે જુનિયર ડૉકટરોને સુરક્ષા અંગે આશ્વાસન આપ્યું હતું પરંતુ તેમણે વિરોધ કરવાનું ચાલું રાખ્યુ હતું.

# છત્તીસગઢમાં અદાણીને માઈનિંગ કોન્ટ્રાકટ વિરુદ્ધ આદિવાસીઓનું વિરોધ પ્રદર્શન

**(એજન્સી) દંતેવાડા**

છત્તિસગઢના દંતેવાડામાં અદાણી ગ્રુપને મળેલા ખાણના કોન્ટ્રાક્ટ વિરુદ્ધ સ્થાનિક આદિવાસી લોકોનો ગુસ્સો હવે બહાર આવી રહ્યો છે. લોકોએ આ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન શરુ કરી દીધું છે. લોકોના વધતા વિરોધને પગલે છત્તિસગઢ સરકારે હાલ ખાણકામ પર પ્રતિબંધ લગાવી દીધો છે.અદાણી ગ્રુપની કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડને દાંતેવાડાના બેલાદિલાના પહાડોમાં ખાણકામનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. આ પહાડોમાં મોટી પ્રમાણમાં આયર્ન ઓર હોવાની વાત કહેવામાં આવી રહી છે. પરંતુ છત્તીસગઢના આદિવાસી સમુદાય માટે બેલાદિલાના પર્વતો આસ્થાનો વિષય છે અને આદિવાસી સમાજ આ પર્વતોની પૂજા કરે છે. આ જ કારણ છે કે, આદિવાસી સમુદાયના લોકો માઈનિંગ કોન્ટ્રાક્ટનો વિરોધ શરુ કરી દીધો છે.કિરાનદુલમાં સ્થિત એનએમડીસી લિમિટેડના પરિસરમાં હજારોની સંખ્યામાં આદિવાસીઓ વિરોધ પ્રદર્શન માટે એકઠા થયાં છે. આ વિરોધ પ્રદર્શન સંયુક્ત પંચાયત જન સંઘર્ષ સમિતિના નેજા હેઠળ કરવામાં આવી રહ્યું છે. દાંતેવાડા, સુકમા અને બીજાપુર સહિત અનેક સ્થળો પરથી લોકો પ્રદર્શન સ્થળ પર પહોંચી રહ્યાં છે.મંગળવારે કોંગ્રેસના નેતાઓ અને આદિવાસી સમાજના સભ્યોએ સીએમ ભૂપેશ બધેલ સાથે મુલાકાત કરી હતી. મુલાકાત પછી ભૂપેસ બધેલે બેલાદિલાના પર્વતો પર ખાણકામને હાલ પુરતો પ્રતિબંધ લગાવી દીધો છે.સીએમ ભૂપેશ બધેલે કહ્યું કે, ખાણકામને વર્ષ ૨૦૧૪માં ગ્રામસભામાંથી મળેલા અનાપત્તિ પ્રમાણ પત્રની પણ તપાસ કરવામાં આવશે. આદિવાસીઓનું કહેવુંછે કે, અમારા માટે આ પર્વતો પિથોરમેતા છે, જેને પિથોર રાણી પણ કહેવામાં આવે છે. આ આદિવાસીઓની દેવી છે.બેલાદિલાના પર્વતોમાં છેલ્લા લાંબા સમયથી ખાણકામ કરવામાં આવી રહ્યું છે, પરંતુ ડિપોઝિટ ૧૩ માં અનેક મિલિયન ટન આર્યન ઓર હોવાની સંભાવના છે. આ જ કારણે આ પર્વતોનેએનસીએલ એ ખાણકામ માટે વિકસિત કર્યા છે.પર્વતોને ગ્રામ સભામાંથી અનાપત્તિ પત્ર મળવા સામે લોકો સવાલો ઉભા કરી રહ્યાં છે, અને આને બોગસ ગણાવી રહ્યાં છે. હાલમાં સરકારે આ મામલે તપાસ શરુ કરી છે.

# પોરબંદર : ભારે પવનથી દરિયામાં તૂટી પડી ભૂતેશ્વર મહાદેવની દિવાલ

**(પ્રતિનિધિ) પોરબંદર**

સૌરાષ્ટ્રના માથા પરથી મોટુ સંકળ ટળ્યું છે, વાયુ વાવાઝોડું ઓમાન તરફ ફંટાતા હવે તંત્રએ રાહતનો શ્વાસ તો લીધો છે. જોકે, પવન અને ભારે વરસાદ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોને ધમરોળી રહ્યા છે. તો ભારે પવનને કારણે દરિયા કાંઠે ઘણુ નુકશાન થઈ રહ્યું છે. પોરબંદરમાં દરિયા કાંઠે આવેલ ભૂતેશ્વર મહાદેવનું મંદિર તૂટ્યું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પોરબંદર દરિયા કિનારે ભારે બપોરે ૧૨ વાગ્યા બાદ ભારે પવન ફૂંકાવાની શરૂઆત થઈ હતી. પવનની ગતિ ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે પહોંચી ગઈ હતી. ત્યાર બાદ પવનનો વેગ વધતો ગયો હતો. પણ ભારે પવનને કારણે દરિયા કાંઠે આવેલ ભૂતેશ્વર મહાદેવનો મોટો હિસ્સો તૂટીને દરિયામાં પડ્યો હતો.

# ભારત અવકાશમાં પોતાનું સ્પેસ સ્ટેશન સ્થાપશે : ઈસરો પ્રમુખ

**(એજન્સી) નવીદિલ્હી**

ભારત ચંદ્રયાન-૨ બાદ હવે અવકાશ ક્ષેત્રે મહાશક્તિ બનવા તરફ નજર દોડાવી રહ્યું છે. ભારત આગામી ટૂંક સમયમાં અવકાશમાં પોતાનું સ્પેશ સ્ટેશન સ્થાપશે તેમ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના વડા કે સિવને જણાવ્યું છે.આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ગગનયાન મિશનના વિસ્તરણના ભાગરૂપે હાથ ધરાશે તેમ તેમણે જણાવ્યું હતું. 'અવકાશમાં સમાનવ રોકેટ મોકલ્યા બાદ ગગનયાન કાર્યક્રમને ટકાવી રાખવો જરૂરી છે. જેના ભાગરૂપે ભારત પોતાનું અલગ સ્પેસ સ્ટેશન સ્થાપશે,' તેમ સિવને જણાવ્યું હતું.ઈસરોએ ૧૫મી જુલાઈના મિશન ચંદ્રયાન-૨ને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ત્યારબાદ હવે ઈસરો આગામી સમયમાં સૂર્ય અને શુક્ર સુધી પહોંચવા પણ વિચારણા કરી રહ્યું છે. મિશન ચંદ્રયાનનો ખર્ચ રૂ. ૧૦,૦૦૦ કરોડ જેટલો થશે. ભારતના મહત્વકાંક્ષી સ્પેસ પ્રોજેક્ટની લઈને દેશવાસીઓમાં ઉત્સાહ જોવા મળે છે. ઈસરોના વડાએ ભાવિ યોજનાઓ વિશે જણાવતા કહ્યું કે, સંસ્થા હવે સૂર્ય અને વિનસ (શુક્ર) જેવા ગ્રહો સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે.ચંદ્રયાન-૨ વિશે સિવને જણાવ્યું કે ૧૫ જુલાઈના સવારે બે કલાકે મિશન લોન્ચ થશે. મિશનમાં ૨-૩ ક્રૂ સભ્યો હશે જેમને સંપૂર્ણ તાલીમ ભારતમાં આપવામાં આવી છે. ભારતનું આ સૌપ્રથમ માનવ મિશન ૨૦૨૨માં પૂર્ણ થશે.

# કાર્યકરોને કારણે નહીં પરંતુ મતદાતાઓના પ્રયાસથી જીત મળી : પ્રિયંકા ગાંધી

## રાયબરેલી બેઠક પર જીત બાદ યોજાયેલી રેલીમાં પ્રિયંકાએ પાર્ટી કાર્યકરોની ઝાટકણી કાઢી

**(એજન્સી) રાયબરેલી**

યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા બુધવારે મતદારોનો આભાર પ્રગટ કરવા માટે રાયબરેલીની મુલાકાત લીધી હતી. લોકસભા ચૂંટણીમાં વિજય બાદ સોનિયા ગાંધીની આ પ્રથમ યાત્રા હતી. પ્રિયંકા ગાંધીએ બુધવારે રાયબરેલીમાં પોસ્ટ-પોલ રેલી દરમિયાન લોકસભા ચૂંટણીમાં ખરાબ પ્રદર્શન માટે પાર્ટી કાર્યકરોની ઝાટકણી કાઢી હતી. પ્રિયંકાએ પોતાના ભાષણ દરમિયાન જણાવ્યું હતું કે, હું બોલવા નથી માંગતી પરંતુ મારે બોલવું પડે છે કે સોનિયા ગાંધી રાયબરેલીની બેઠક પક્ષના કાર્યકરોને લીધે નહીં પરંતુ મતદાતાઓના પ્રયાસને કારણે જીતી શક્યા છે.પ્રિયંકા ગાંધીએ મતાદારોને ધન્યવાદ આપતા જણાવ્યું હતું કે, યુપીએ અધ્યક્ષાને પાંચમાં કાર્યકાળ માટે સંસદમાં મોકલવા માટે તમારો ખૂબ-ખૂબ આભાર. આ રેલીમાં લગભગ ૨,૫૦૦ કાર્યકર્તાઓને બોલાવવામાં આવ્યા હતા. પ્રિયંકાએ ઉત્તર પ્રદેશના કોંગ્રેસ પ્રભારી સહિત કોંગ્રેસ કાર્યકર્તાઓને ચેતાવણી આપી હતી કે તેઓ તે લોકોને શોધી કાઢે જેમણે પાર્ટીના પક્ષમાં કામ કર્યું નથી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હું અહિંયા કોઈ ભાષણ આપવા નથી માંગતી તેમ છતાં મારે બોલવું પડશે, મને સાચી વાત કહેવા દો. હકીકત એ છે કે આ ચૂંટણીમાં સોનિયા ગાંધી અને રાયબરેલીના લોકોને કારણે જીત પ્રાપ્ત થઈ છે.

# 'મી ટુ વિવાદ': જાતીય સતામણીનાં આરોપમાં નાના પાટેકરને ક્લીન ચિટ

## તનુશ્રી દત્તાએ પાટેકર સામે આરોપ મૂક્યો હતો કે ૨૦૦૮માં 'હોર્ન ઓકે પ્લીઝ' ફિલ્મના શૂટિંગ દરમિયાન પાટેકરે એની જાતીય સતામણી કરી હતી

**(એજન્સી) મુંબઇ**

જાતીય સતામણીના આરોપોમાંથી આલોક નાથ અને વિકાસ બહલને ક્લીન ચિટ મળ્યા બાદ હવે નાના પાટેકરને પણ એ લાભ મળ્યો છે.ટાઈમ્સ નાઉના અહેવાલ મુજબ, મુંબઈ પોલીસે બોલીવૂડના અભિનેતા નાના પાટેકરને એમની સામે 'મી ટુ' કેસમાં કરવામાં આવેલા આરોપમાંથી મુક્ત કરી દીધા છે.નાના પાટેકરનો કેસ બંધ કરી દેવાયો છે. આનું કારણ એ છે કે એમની સામે કોઈ પુરાવો મળ્યો નથી. મુંબઈ પોલીસે સ્થાનિક કોર્ટને કહ્યું છે કે પાટેકરની સંડોવણી અંગે કોઈ પુરાવો મળ્યો ન હોવાથી એમની સામેનો કેસ અમે બંધ કરી દેવા માગીએ છીએ. એમની સામે કોર્ટ કાર્યવાહી શરૂ કરી શકાય એવો કોઈ પુરાવો અમને મળ્યો નથી.ઉલ્લેખનીય છે કે અભિનેત્રી તનુશ્રી દત્તાએ પાટેકર સામે આરોપ મૂક્યો હતો કે ૨૦૦૮માં 'હોર્ન ઓકે પ્લીઝ' ફિલ્મના શૂટિંગ દરમિયાન પાટેકરે એની જાતીય સતામણી કરી હતી.પાટેકરને ક્લીન ચિટ અપાયાના અહેવાલ અંગે તનુશ્રી દત્તા તરફથી સત્તાવાર રીતે કોઈ પ્રત્યાઘાત જાણવા મળ્યા નથી, પણ એના વકીલનું કહેવું છે કે પાટેકરને ક્લીન ચિટ અપાયાના અહેવાલોને રદિયો આપ્યો છે અને કહ્યું કે આ બધી અફવા છે.તનુશ્રીએ તેની જાતીય સતામણી કર્યાનો આરોપ પાટેકર ઉપરાંત કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય સામે પણ મૂક્યો છે.તનુશ્રીનો આરોપ છે કે પાટેકર સાથે ઉત્કટ દ્રશ્યોવાળું એક ગીત કરવાની એને પાટેકર અને આચાર્યએ ફરજ પાડી હતી. પોતે એ ગીતમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો હતો અને તેણે એ ફિલ્મ છોડી દીધી હતી. તનુશ્રીએ એવું કારણ આપ્યું હતું કે એવું ગીત એનાં કોન્ટ્રાક્ટનો હિસ્સો નહોતું.એ ગીતનું શૂટિંગ કરવાની ના પાડીને તનુશ્રી જ્યારે એનાં પરિવારજનોની સાથે સેટ પરથી નીકળી ગઈ ત્યારે સ્ટુડિયોના દરવાજા પાસે જ બહાર એની કારને ઘેરી લેવામાં આવી હતી અને કાર પર હુમલો કરવામાં આવ્યો હતો.તનુશ્રીએ એની સાથે કરાયેલા એવા અભદ્ર અને હિંસક વર્તાવ વિશે ઐંદ્બછછ સંસ્થામાં ફરિયાદ નોંધાવી હતી, પણ એની પર ધ્યાન આપવામાં આવ્યું નહોતું. ત્યારબાદ તનુશ્રી બોલીવૂડ અને મુંબઈ છોડીને અમેરિકા જતી રહી હતી. બાદમાં ગયા વર્ષે એણે ભારત પાછી ફરીને આ કેસ ઉઠાવ્યો હતો અને તેને પગલે 'મી ટુ ઈન્ડિયા' આંદોલન શરૂ થયું હતું.